ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૭ ટકા

# સે-૧૫ સાયન્સ કોલેજની દિવાલે ચિતરાયો પર્યાવરણ જાગૃતિ સંદેશ







અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સહિત અનેક સંસ્થાઓના સંકુલની કંપાઉન્ડ વૉલ પર દોરવામાં આવેલા વિવિધ ચિત્રો ત્યાંથી પસાર થતા વાહનચાલકો-રાહદારીઓ તથા મુસાફરોને માત્ર આકર્ષે છે એટલું જ નહી પરંતુ આ ચિત્રો વિવિધ મુદ્દે સામાજિક જાગૃતિનો સંદેશ પણ આપે છે. ગાંધીનગરમાં આ પ્રકારનો પ્રયાસ અગાઉ સેકટર-૩૦ ખાતે કેન્દ્રિય વિદ્યાલયની કંપાઉન્ડ વૉલ પર કરાયો છે. આવો જ એક બીજો પ્રયાસ સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ સંકુલની કંપાઉન્ડ વૉલ પર રવિવારે હાથ ધરાયો હતો. જેમાં વન વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓના તાલીમાર્થી ચિત્રકારોને ચિત્રકામ કરવા આહવાન કરાયું હતું. આ ચિત્રકારોએ પર્યાવરણ જાગૃતિ અંગે સંદેશો પાઠવતા એકથી એક ચઢિયાતા નયનરમ્ય ચિત્રોનું સર્જન કર્યું છે જે હવે ગ માર્ગેથી પસાર થનારા નાગરિકોને આકર્ષીને પર્યાવરણ પ્રત્યે સભાનતા કેળવવાનો સંદેશ પાઠવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**રમેશભાઈ જી પટેલ**
**માલિક, સંચાલક, કેપિટલ ઓફસેટ**

**ગાંધીનગર ગમે**
હરિયાળી, સુઆયોજન અને સુશિક્ષિત નાગરિકોને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
અહીંના નાગરિકો સેવાભાવી છે અને અહીં સેવા ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ ખૂબ થાય છે. આમ અહીંના નાગરિકો સેવા અને સંસ્કૃતિના પ્રેમી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરની સેવા અને સાંસ્કૃતિક બંને પ્રવૃત્તિઓ ગમે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. એમાંય અર્ક વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ એ મારો ગમતીલો કાર્યક્રમ છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા બાબતે કામ કરવાની જરૂર છે. ઉપરાંત નગરની સ્થાપના કરતાં અત્યારે જનસંખ્યા વધુ છે અને આગામી દિવસોમાં જનસંખ્યા વધવાની છે. ભવિષ્યના આ પડકારને પહોંચી વળવા અત્યારથી જ આયોજન થાય એ જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા અભિયાન, સામાજિક પ્રવૃત્તિઓ માટે પ્રવૃત્ત છું જ. એ ઉપરાંત પણ કોઈ સેવાકીય કે અમારા ક્ષેત્રને લગતી સેવા માટે તત્પર છું ને રહીશ.

# નર્મદા કેનાલમાં બે યુવાનોએ મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક નભોઈ નર્મદા કેનાલ અને લીંબડીયા નર્મદા કેનાલ બે સ્થળોએ અલગ અલગ વિસ્તારના બે યુવાનોએ પડતું મુકી દેતા ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે નભોઈ કેનાલમાં અને ડભોડા પોલીસે લીંબડીયા નર્મદા કેનાલમાં ડુબેલા યુવાનની ફાયરબ્રિગેડની મદદથી શોધખોળ શરુ કરી છે. જો કે મોડી સાંજ સુધી બે પૈકી એકેય યુવાનના સગડ મળ્યા નથી. ફાયરબ્રિગેડની ટીમે શોધખોળ જારી રાખી છે.



મળતી માહિતી મુજબ અડાલજ નજીક આવેલા નભોઈ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં નરોડાના કૃષ્ણનગર વિસ્તારના એક યુવાને સવારના અરસામાં પડતુ મુકયું હતું. ઈન્ફોસીટી પોલીસ અને ફાયરબ્રિગેડને ઘટના અંગે જાણ થતા ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. કેનાલમાં શોધખોળ સવારથી ચાલી રહી છે. જો કે મોડી સાંજ સુધી તેના સગડ મળ્યા નથી તો બીજી તરફ ડભોડા નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલમાં પણ એક યુવાને મોતની છલાંગ લગાવી હતી. ડભોડા પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમે કેનાલમાં શોધખોળ કરી પરંતુ આ યુવાનની પણ ભાળ મળી ન હતી. ફાયરબ્રિગેડે શોધખોળ ચાલુ રાખી છે.

# સે-૧૬ સરકારી પ્રાથમિક શાળાના વાર્ષિકોત્સવમાં બાળકો ખિલી ઉઠયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળામાં તા. ૧૮મી માર્ચ શનિવારે સવારે ૯.૩૦ કલાકે વાર્ષિકોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ વાર્ષિકોત્સવમાં શાળાના બાળકોએ વિવિધ કૃતિઓ જેવી કે નૃત્ય, વકતૃત્વ, અભિનય, ગીત-સંગીત, યોગ કૌશલ્ય વગેરેનું અદભૂત નિદર્શન કર્યું હતું જેને નિહાળી વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત મહેમાનો તથા બાળકોના વાલીઓ સહિતના પ્રેક્ષકો ગદગદિત થઈ ગયા હતા.





સે-૧૬ સરકારી પ્રાથમિક શાળાના વાર્ષિકોત્સવમાં સ્થાનિક નગરસેવક રમીલાબેન વાઘેલા, સામાજીક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, ગુજરાતી ટીવી સિરિયલના અભિનેતા જનક ઠકકર, સામાજિક કાર્યકરો નટવરભાઈ પટેલ, વિજયસિંહ માજીરાણા, સે-૧૬ શોપીંગ વેપારી મંડળના જયેન્દ્રભાઈ તથા ઘનશ્યામભાઈ, રેસ્ટોરન્ટ બીઝનેસ અગ્રણી ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ, સીઆરસી કો-ઓર્ડિનેટર નયનાબેન બ્રહ્મભટ્ટ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, આઈઆઈટીઈના તાલીમાર્થીઓ તથા શાળા પરિવારના સભ્યો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આઈઆઈટીઈના તાલીમાર્થીઓએ શાળાના બાળકોને તાલીમ આપી સુંદર કાર્યક્રમ તૈયાર કર્યો હતો. જેમાં બાળકોએ તેમનું એનર્જેટિક પરફોર્મન્સ આપી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંતે તમામ બાળકોને દાતાઓ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આઈઆઈટીઈના તાલીમાર્થીને પણ તેમની ઈન્ટર્નશીપ દરમિયાન કરેલ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર તથા સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અરૂણકુમાર પટેલ સહિત તમામ કર્મચારીગણ તથા આઈઆઈટીઈ તાલીમાર્થી ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# શહેરના ઘ-૧ પાસે સરકારી જમીનમાં દબાણકારોનો અડીંગો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૧ થી ગ-૧ તરફ જવા માટેના માર્ગની ડાબી બાજુ પર સરકારી જમીનમાં શ્રમિકોની વસાહત ઉભી થવા પામી છે. સરકારી જમીન પર અડીંગા નાંખીને બેઠેલા આ દબાણકારોમાં વધુ ત્રણ ઝુંપડાધારકોનો સમાવેશ થવા પામ્યો છે ત્યારે આ વિસ્તારમાં આખી વસાહત ઉભી થાય તે પહેતા તંત્ર દ્વારા યોગ્ય પગલા ભરવામાં આવે તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સરકારી ખાલી પડેલી જગ્યામાં માનવ વસાહતો ઉભી થઈ ગઈ છે. સરકારી જમીનમાં ઝુંપડા બાંધીને દબાણ ઉભુ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એક કે બાદ એક ઝુંપડા બંધાયા બાદ આખી વસાહત ઉભી થઈ જાય છે. ત્યારે ગાંધીનગર શહેરને કલીનસીટી ગ્રીનસીટી બનાવવા માટે તંત્રના અધિકારીઓ કમસકસી રહ્યા છે. શહેરને સ્માર્ટસીટી બનાવવા માટે વિવિધ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ત્યારે સરકારી જમીનમાં ઉભા થયેલા ઝુંપડા હટવાનું નામ લેતા નથી. શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગોપર પણ હવે દબાણો વધવા લાગ્યા છે. રાત્રીના સમયે ના વધે તેટલા દબાણો દિવસે વધી જાય છે ત્યારે ઘ-૧ થી ગ-૧ તરફ જવાના માર્ગની ડાબી બાજુએ ઘણા વર્ષો અગાઉ આખી વસાહત ઉભી થઈ ગઈ હતી.જે તંત્રએ મહામુસીબતે દુર કરી હતી. ત્યારબાદ એક પછી એક ઝુંપડા બાંધીને રહેવા આવી જતા ફરીવાર વસાહત ઉભી થાય તેવું નાગરીકો લાગી રહ્યું છે. આ વસાહતમાં તાજેતરમાં જ ત્રણ ઝુંપડા નવિન બંધાઈ ગયા છે. સરકારી જમીન પર ઝુંપડા બાંધીને દબાણકારો આરામથી વસવાટ કરી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા જો સત્વરે આ દબાણ દુર નહીં કરવામાં આવે તો આખી શ્રમિક વસાહત ઉભી થતા વાર નહીં લાગે તેવું નાગરીકોનું કહેવું છે. જેથી તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી દબાણ દુર કરવા રજુઆત પણ નાગરીકો દ્વારા કરવામાં આવી છે.

# જાગો ગ્રાહક જાગો અને ટોલ ફ્રી નંબર ડાયલ કરો

## હજુ પણ વસ્તુ ખરીદી કે સેવામાં મળેલ અસંતોષ કે ઉણપ બાબતે ફરિયાદ કરવામાં ગ્રાહકોની ઉદાસીનતા : ગ્રાહક લક્ષી અર્થતંત્રમાં ગ્રાહકે પોતાના અધિકારો બાબતે જાગૃત થવું આવશ્યક




ગાંધીનગર, તા.૧૯

કોઈ પણ રાષ્ટ્રની આર્થિક સધ્ધરતામાં અર્થકારણ માટે મહત્વના પરિબળોમાં બજાર અને ગ્રાહક વચ્ચેનો તંદુરસ્ત સંબંધ ખૂબ જ મહત્વનો છે. દેશમાં ઘણા સમયથી સ્વદેશી અને વિદેશી ઉત્પાદનો અંગે ચર્ચાઓ તથા લાગણીસભર માર્કેટીંગની આડ લઈ વેપાર વધારવાના કિમિયા કરાય છે પરંતુ કોઈ પણ પ્રોડકટ ખરીદનાર ગ્રાહકને તેણે ચુકવેલા નાણાંના પ્રમાણમાં કેટલો સંતોષ મળ્યો કે તે ચીજવસ્તુ કેટલી ઉપયોગી નીવડી તે બાબતને એટલું મહત્વ આપવામાં આવતુ નથી. તાજેતરમાં જ દેશભરમાં તા. ૧૫મી માર્ચે ઉજવાયેલા 'ગ્રાહક અધિકાર સંરક્ષણ દિવસે' પોતાના પરસેવાની કમાણીના નાણાં ખર્ચી ચીજવસ્તુઓ કે સેવાઓ ખરીદનાર વપરાશકાર ખરેખર કેટલો સંતુષ્ટ છે અને જો સંતુષ્ટ નથી તો તેના અધિકારોનો ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગેની પુરતી જાણકારી તેને પહોંચાડવી તંત્રની જવાબદારી બને છે.

છેલ્લા એક દાયકાથી વધુ સમયથી દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓનું આગમન વધ્યુ અને ત્યારથી ગ્રાહકને રક્ષણ અને તેના અધિકારો અંગે ચિંતાનું વાતાવરણ પણ ચર્ચિત થવા લાગ્યું છે. આમ તો ગ્રાહક સંરક્ષણ અધિનિયમન-૧૯૮૬ અંતર્ગત ગ્રાહકને પુરતા અધિકારો અપાયા છે તેમજ તેની સાથે થતી છેતરપીંડી કે ઠગાઈ બાબતે ન્યાય અપાવવાની પ્રક્રિયા પણ નિર્ધારિત કરવામાં આવી છે, પરંતુ વાસ્તવિક રીતે આ કાયદાનો યોગ્ય ઉપયોગ ખૂબ ઓછા ગ્રાહકો કરે છે તે પણ હકીકત છે. આ પાછળનું મુખ્ય કારણ ગ્રાહકની કાયદા પ્રત્યેની અજાણતા પણ છે. ગુજરાતમાં શૈક્ષણિક સાક્ષરતાનો દર ૮૫ ટકાથી વધુ હોવાનો દાવો કરાય છે પરંતુ રાજયમાં ગ્રાહક સાક્ષરતાની ટકાવારી હજુ માંડ ૩૦ ટકાની આસપાસ ફરે છે. રાજયમાં ગ્રાહક ફોરમ ઉપરાંત રાજય કમિશન પણ ગ્રાહકોના અધિકાર તથા ફરિયાદ નિવારણ બાબતે કાર્યરત છે. આ ઉપરાંત અનેક નાના-મોટા ગ્રાહક મંડળો પણ આ ક્ષેત્રે કામ કરે છે. પરંતુ હજુ પણ રાજયમાં ગ્રાહકો સાથે થતી છેતરામણીની ફરિયાદો છાશવારે ઉઠતી જ રહે છે. ગ્રાહકોએ તેમનું શોષણ અને અન્યાય અટકાવવા માટે હવે જાતે જ જાગ્રત થઈ સરકારના આ તંત્રનો યોગ્ય ઉપયોગ કરવા અંગે જાણકારી કેળવવી આવશ્યક છે.

ગ્રાહક સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ અનુસાર ગ્રાહક એટલે એવી વ્યકિત જે વસ્તુઓ અથવા સેવાઓ પોતાના વપરાશ અર્થે ખરીદે અને તે માટે નાણાં ચુકવે છે અથવા ચુકવવાની ખાતરી આપે છે અથવા આંશિક ચુકવી બાકીના પછીથી હપ્તેથી ચુકવે છે. ખરીદીમાં જેનું હિત સમાયેલું હોય છે તે જોતા દરેક વ્યકિત કોઈને કોઈ સ્વરૂપે ગ્રાહક હોય છે અને તેને ખરીદી બાદ તેના હિત સાથે થયેલ ચેડાં અંગે ફરિયાદ કરવાનો અધિકાર છે. સાદી ભાષામાં અહીં ગ્રાહક એટલે વપરાશકાર છે તેવું તારણ નીકળે છે પરંતુ આ વપરાશકારે ફરિયાદ કયાં અને કેવી રીતે કરી શકાય તે જાણી લેવું જોઈએ. રાજય સરકાર દ્વારા ગ્રાહક ફરિયાદ માટે બે ટોલ ફ્રી નંબર સાથેની હેલ્પલાઈન ચલાવાય છે. આ નંબરો છે ૧૮૦૦ ૨૩૩૫૫૦૦ અને ૧૮૦૦ ૨૩૩૦૨૨૨. આ હેલ્પલાઈનનો ઉપયોગ કોઈ પણ ગ્રાહક કરી શકે છે. આ ઉપરાંત ગ્રાહક કાગળ લખીને, વિતરક સામે ફરિયાદ દાખલ કરીને અથવા નાના દાવાઓ માટે અદાલતમાં જઈને ફરિયાદ કરી શકે છે. આ ઉપરાંત ગ્રાહક જિલ્લા ફોરમમાં કે રાજય કમિશનમાં જઈને પણ તેની ફરિયાદ નોંધાવી શકે છે અથવા કોઈ પણ ગ્રાહક મંડળની સહાય લઈ ફરિયાદ કરી શકે છે. જો કોઈ વસ્તુ અથવા સેવાનું મૂલ્ય અને માંગવામાં આવેલ વળતર જો રૂપિયા વીસ લાખ સુધીનું હોય તો જિલ્લા ફોરમમાં, વીસ લાખથી એક કરોડ સુધીનું હોય તો રાજય ફોરમમાં અને જો એક કરોડથી વધુનું હોય તો રાષ્ટ્રીય કમિશનમાં તેની ફરિયાદ નોંધાવી શકાય છે.



ગ્રાહકને અદાલતો વસ્તુની ખામી દુર કરવી, વસ્તુની બદલ કરવી, ચુકવેલ કિંમત પરત કરવી, હાનિ કે ક્ષતિની ભરપાઈ કરવી, સેવાઓની ત્રુટિઓ કે કમીઓ દૂર કરવી, અનુચિત વેપાર કે નીતીઓ કે પધ્ધતિઓ બંધ કરવી કે ફરી તેવું ના બને તે અંગે તાકીદ કરવી, ખતરનાક વસ્તુઓ પરત કરવી અથવા યથા યોગ્ય કિંમત કે વળતરની ચુકવણી કરવી જેવા નિર્ણયોથી ન્યાય મળી શકે છે. આ નિર્યણ જો અસંતોષકારક હોય તો ૩૦ દિવસની મુદતમાં તેને ઉપરના એકમમાં પડકારી પણ શકાય છે.

ગ્રાહક હેલ્પલાઈનના ગત વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન થયેલ ઉપયોગના આંકડા જોઈએ તો કુલ ૧૦૧૮૮ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી જેમાં કુલ ૨૩૨૭ એટલે કે ૨૩ ટકા ફરિયાદો સરકારી સેવાઓ વિરૂદ્ધની હતી. આ હેલ્પલાઈન પર વર્ષ ૨૦૦૯-૧૦માં માત્ર ૨૦૦૨ જ ફરિયાદો મળી હતી તેના પ્રમાણમાં ગત વર્ષે મળેલ ફરિયાદો આશરે પાંચ ગણી વધુ છે તે જોતા ગ્રાહકો ધીમે ધીમે આ હેલ્પલાઈનનો ઉપયોગ કરવા પ્રેરાઈ રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાય છે. ગુજરાતમાં સૌથી વધુ ફરિયાદો ૧૯.૩૪ ટકા સાથે અમદાવાદ જિલ્લામાંથી મળી હતી જયારે પંચમહાલ જેવા અંતરિયાળ જિલ્લામાંથી માત્ર ૨.૪૫ ટકા ફરિયાદ મળી હતી તે દર્શાવે છે કે શહેરી અને સાક્ષર વિસ્તારો સિવાય આ હેલ્પલાઈનના ઉપયોગ અંગે ગ્રાહકો અજાણ છે. હજુ પણ આપણા દેશમાં આરોગ્ય ક્ષેત્રે તબીબી સેવાઓમાં ખામી કે બેદરકારી, રિઅલ અસ્ટેટ ક્ષેત્રે કે બેકિંગ તથા અન્ય નાણાંકીય વ્યવહારો કે સેવાઓ ક્ષેત્રે, ટેલિકોમ કે ઈન્ટરનેટ ક્ષેત્રે થતી છેતરપીંડીઓ અંગે ગ્રાહક પોતે અજાણ હોય છે અરે કર ચુકવતી પ્રજાને બદલામાં પાયાની યોગ્ય સુવિધાઓ જેવી કે સારા રસ્તા પીવાનું ચોખ્ખું પાણી, રોજગારી, આરોગ્ય સેવાઓ, સફાઈ અને ગટર વ્યવસ્થા, સ્વચ્છ પર્યાવરણ, ન્યાય, યોગ્ય પરિવહન તેમજ આર્થિક સલામતી મળવી જ જોઈએ તે બાબતે પણ કયાં પુરતી સભાનતા છે? કાયદા અનુસાર ગ્રાહકને તેણે ચુકવેલી કિંમતના બદલામાં ગુણવત્તાયુકત વસ્તુ કે સેવા મેળવવાનો અધિકાર છે અને જો તેમાં ભેળસેળ કે છેતરામણી થતી હોય તો વેપારી, કંપની, ઉત્પાદક કે સેવા આપનાર ખાનગી, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા સામે ફરિયાદ કરવાનો પણ અધિકાર છે, આ અધિકારનો કેટલા ગ્રાહકો ઉપયોગ કરે છે? જાગો ગ્રાહક જાગો.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે આયોજિત 'હેપ્પી સ્પેરો વિક' અંતર્ગત બપોરે ૨ કલાકે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે ચકલીના માળાનું વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.

● શ્રી રંગ અવધુત પરિવાર દ્વારા રૂકમામ્બા સપ્તશતિ પાઠ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન પ્રજ્ઞાબેન જોષીના નિવાસસ્થાને, ગીતાંજલિ એપાર્ટમેન્ટ, સે-૨૮ ખાતે યોજાશે.

# આજે રાજસ્થાન સમાજ દ્વારા 'હોળી ગેરે' દાંડીયા-રાસ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર રાજસ્થાન સમાજ સેવા સમિતિ દ્વારા હોળી ધૂળેટીના પર્વ નિમિત્તે રાજસ્થાનના મુખ્ય તહેવાર હોળી ગેરે દાંડીયા-રાસનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૩૦-૨-૨૦૧૭ના સોમવારે સાંજે ૬ થી ૮ કલાકે હોલસેલ શાકમાર્કેટ મેદાન, સે-૨૪-ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ યોજાશે જેમાં ગાંધીનગર શહેરમાં રહેતા રાજસ્થાની પરીવારના ભાઈ-બહેનો તેમજ શહેરના સૌ નાગરિકોને રાજસ્થાની સમાજ સેવા સમિતિએ જાહેર આમંત્રણ પાઠવેલ છે.

# સે-૬ ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૭ ના કોર્પોરેટરો તેમજ તેજ આઈ સેન્ટરના સહયોગથી સેકટર-૬ ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આજે આઈ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડમાં રહેતા ૧૦૦ થી વધુ ભાઈ બહેનો તેમજ સિનિયર સિટીઝનોએ કેમ્પનો લાભ લીધો હતો.

શહેરમાં રહેતા નાગરીકોની દૃષ્ટિ નબળી પડતી હોય તેવું લાગી રહ્યું છે. અત્યારે હાલના સમયે ટીવી તેમજ મોબાઈલના વધુ પડતા ઉપયોગને પગલે યુવાનો તેમજ બાળકોને ચશ્મા આવી જાય છે. જયારે રાત્રીના સમયે મોબાઈલની સ્કીનમાંથી બહાર આવતો પ્રકાશ પણ આંખો માટે હાનિકારક સાબિત થાય છે. જયારે મોબાઈલના વળગણ ને પગલે આંખોની કાળજી ના રાખનારા નાગરીકોને ભારે હેરાનગતિ થવા પામે છે. ત્યારે તેવા સમયે ગાંધીનગરના વોર્ડ નંબર-૭ ના કોર્પોરેટરો અને તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે સેકટર-૬ સ્થિત ચંદ્ર મૌલેશ્વર મંદિર ખાતે બપોર--૩ થી સાંજના ૬ કલાક સુધી આંખની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડના વસાહતીઓ તેમજ નાગરીકોએ પણ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પમાં આવનાર ભાઈ બહેનને જરૂરી દવા પણ આપવામાં આવી હતી.તેમજ આંખ અંગે રાખવામાં આવતી કાળજી અને કેવી રીતે આંખને નુકશાન થઈ શકે છે તે અંગે માહિતી પણ આપવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. વર્ષાબેન સાદેવભાઈ રબારી, ઉ.વ. ૨૧
- સ્વ. વાઘેલા સિધ્ધરાજસિંહ પ્રતાપસિંહ, ઉ.વ. ૫૫
- સ્વ. રાણા નાનુબેન મોહનજી, ઉ.વ. ૬૨